બાળ સ્તવનાવળી.

રચનાર

કાળીદાસ મગનલાલ

આસીસ્ટંટ માસ્તર-શ્રી રત્ન સાગરજી

જૈન વિદ્યાશાળા.

દેશી મિત્ર પ્રેસ, સુરત.

૧૯૦૩.

श्री श्री १००८ पन्यास श्री चतुर विजयजीए
जैन शाळाओमां संगीत ज्ञानना विषय तरीके
चलाववाने पसार करेली

શ્રી બાળ સ્તવના
વળી.

(જૈન વિદ્યાશાળાઓને માટે)

રચનાર
કાલાદાસ મગનલાલ
આસીસ્ટંટ માસ્તર-શ્રી રત્ન સાગરજી
જૈન વિદ્યાશાળા.

દેશી મિત્ર પ્રેસ, સુરત.
૧૯૦૩.

પ્રસ્તાવના.

જૈન વિદ્યાશાળાઓમાં નાની વયના વિદ્યાર્થીઓને સંગીત જ્ઞાનના વિષય તરીકે ચલાવવાને આજ સુધીમાં નીકળેલી સ્તવનાવળીઓમાંની કોઇ પણ જોઇએ તેવી સરળ નહી લાગવાથી, તેમજ તે બાબત મારા કેટલાક મિત્રો તરફથી ખાસ આગ્રહ થવાથી આ લઘુ પુસ્તક હું પ્રગટ કરૂં છું.

આ સ્તવનાવળીમાં બાળ વિદ્યાર્થીઓને ગમતની સાથે ધર્મનું પણ જ્ઞાન થાય એ હેતુ મેં ખાસ લક્ષમાં રાખ્યો છે. એમાં ચાલુ ઢબના ગાયનો સુગમ બને તેમ છોકરાઓને પ્રિય થઇ પડે એવો પણ પ્રયાસ કીધો છે.

આ પુસ્તક શ્રી શ્રી ૧૦૦૮ પન્યાસ શ્રી ચતુર વિજયજી ગણિને તેમજ શ્રી રત્ન સાગરજી જૈન વિદ્યાશાળાના મેનેજર સાહેબ શેઠ ચુનીલાલ છગનચંદ શરાફને વંચાવેલું છે; અને તેઓએ પણ એને માટે સારો અભિપ્રાય દર્શાવ્યો છે. માટે જૈન બંધુઓ તેનો સદુપયોગ કરવા પ્રયાસ કરશે તો હું મારી કૃતિ સફળ થયેલી ગણીશ.

શ્રી રત્ન૦ જૈન વિદ્યાશાળા
સુરત તા૦ ૧૨-૧૨-૦૩ } કર્ત્તા.

* આ નિશાનીવાળા સ્તવનો શ્રી રત્નસાગરજી જૈન વિદ્યાશાળાના વાર્ષિક ઇનામના મેળાવડાને માટે પસંદ કરવામાં આવ્યા હતા.

अर्पणपत्रिका.

ચતુર શ્રી ચતુરવિજય મુનિ જાણું
દયા દાન તપ ધ્યાન સહી.
દેશો દેશ વિષે વિચરંતા,
જૈન ધર્મ ફેલાવો સહી.
જ્ઞાનતણું છો સ્થાનજ પોતે,
મુનિજનમાંહી મુકુટ મણી.
પદ પન્યાસ ધર્યું જગમાંહી,
માયા મમતા મૂળ હણી.
શાંત દાંત ને મહાંત છોજી,
ધીર વીર ગંભીર યતિ,
અલ્પ મતિ ગુણ હું વરણું જયમ,
જળ બિંદુ મહાસાગરથી.
કરૂં અર્પણ આ અલ્પ ગુંથણી
સ્નેહ થકી જયવાદ ભણી.
સફળ કરો મુનિ નવિન કૃતિઆ
સ્વિકારી ને તે હીન ગણી.

લી. ચર્ણાનુરજ સેવક
કર્ત્તા.

શ્રી બાળ સંગીત સ્તવનાવળી.

૧ સ્નેહી શું સુખકર સુંદર બાગ—રાહ.

કોઇ નર વિરલા પામે સાર, જીનવર ચરણ શરણ સુખકાર-ટેક•
પંડિત પણ ખંડિત થઈ ભમતાં, ઝઘડામાં ઝડપાયરે,
સાચ રત્ન મુકીને કાચે, મુર્ખ તણાયા જાયરે,
નહીં આ ભવ પરભવનું સાધે, આખર એ તલભાર,
ખરે તે ગમાર..કોઇ૦
સાચ રત્ન જીનવરની સેવા કાચ અવર જગમાં' યરે,
મુજ તુજ મમતા તજીને મનથી, રહે શરણ જીનરાયરે,
ભવજળપાર ઉતરશે તે નર, જૈન ધર્મ આધાર.
સકુળ સુખ સાર..... ....કોઇ•

૨ રાગ—પ્રણુમીએ પ્રેમે તમોને હે વિશ્વંભરા.......

વિનવીએ શ્રી નાભિનંદ રિષભ જીનવરા,
અજિતનાથ, સંભવનાથ (૨) પ્રણમું પ્રિયકરા—ટેક
અભિનંદન, સુમતિ, પદ્મ, શ્રી સુપાર્શ્વને,
ચંદ્ર, સુવિધિ, શિતળનાથ, શ્રી શ્રેયાંસને,
વાસુ પુજય, વિમળનાથ, વંદુ દુખહરા—વિનવી૦
અનંત, ધર્મ, શાન્તિ, કુંથુ, શ્રી અરનાથને,
મલ્લિનાથ, મુનિસુવ્રત, નમી, નેમને,
પાર્શ્વનાથ વર્દ્ધમાન, નમીએ જયકરા—વિનવી૦

૩ રાગ—સનનન સોહે સાવરીયા સામ.....

અહા કેવી શોભે મુરત જીનરાજ, મોહ્યું મન જોઈ પ્રભુ
રિષભ જીણુંદા,—અહા૦
સુરવર મુનિવર પાર ન પામે, ગતિમતિછે તમારી અપાર,
મૂરખ હું ગમ કાંઇ ન મુજને, લેજો ઉધારી તમારો
આધાર—અહા૦
તુમ કરૂણા સાગર જગે કહાવો, શાની નિરાશા
હમારે લગાર
મ્હેર કરી પ્રભુ અરજ સ્વિકારો, શરણે રહ્યાને પ્રભુજી
તું તાર—અહા૦

૪ મોટા શેઠ વેપારી આવ્યા—એ રાહ.

આજે આંગી બની નવરંગી ચાલો જીન મંદિર જઇએ—ટેક૦
દર્શન કરશું પાવન થઇશું લઇશું જીનવર નામ,
અજિત જીનેશ્વર મુખડું જોતાં સફળ થશે સૌ કામ--આજે૦
માયા મદ મમતા મૂકીને સેવીશું જીનરાજ,
દુસ્તર ભવસાગર તરવાને, પ્રભુ સ્મરણ રૂપ ઝાઝ--આજે૦
મહોલ બગીચા સરવે તારા હામદામને ધામ,
અંત સમે સઉ અળગા રહેશે કો નવ આવે કામ--આજે૦
જૈન ધર્મ સાચો જાણીને, કર સંગત સુખધામ,
સાધી લે જંજાળી જીવડા, નહીં અવર વિશ્રામ--આજે૦

૫ રાગ—ભુલોના ભક્તોને ભાળી.................

પ્રભુજી સંભવ સુખકારી (૨)
ડુબાતા આ સેવક જનને પાર કરો તારી—ટેક૦
ભમ્યો હું બહુ બહુ ભવ માંયે (૨)
લાચારી ધારીને બેઠો, જંપ નહીં કયાંયે--પ્રભુ૦
એક તમ આશ્રયને લેવા (૨)
આવ્યો તમારી પાસે ધાતો મ્હેર કરો દેવા--પ્રભુ૦
અમે સૌ બાળ મળી તારી (૨)
સેવા કરીએ શિવ સુખ લેવા દિયો કૃપા ધારી--પ્રભુ૦

૬ રાગ—અશરણ શરણ તરણ..................

શ્રી અભિનંદન, જગદા નંદન, વંદન વારંવાર,
પાપ નિકંદન, ભવભય ભંજન, અખિલ જગત આધાર.
જય જિનવર તું, હૃદયજ ભરતું, શુદ્ધ ભકિત જયકાર,
રહેમ નજર તું મુજપર કરતું, પામું શિવપદ સાર
તુજ પદ સેવા, મીઠા મેવા, લેવા સરવે બાળ,
હળીમળી સંગે આજ ઉમંગે માગે દીન દયાળ.
અબળ સબળ કર, વિપદ સકળ હર તારણ તરણ કૃપાળ,
આશ સફળ કર, પ્રબળ હે જીનવર, વરતે જયજયકાર,

૭ રાગ—લલિતા લક્ષણા મળી...........

અમો બાળ મંડળી, ગાઇએ જીનરાજ ગુણ સૌ હળીમળી--ટેક૦
અંગ સુરંગ ફુલો નવરંગ, વળી સહુ સુંદર સાજ

શોભા રૂપાળી, જોતાં નિહાળી, સફળ થયાં સૌ કાજ—અમો૦
સાર ગણી સંસાર વિષે, મન મૂર્ખ અતિ મલકાય,
જાણ્યું નહીં ધન જોબન સંધ્યારંગ પરે પલટાય—અમો૦
સાચી સેવા જીનરાજની ભુલી, ભવ દરીએ અથડાય,
કોણ બચાવે ને પાર લાવે, અંત સમે પસ્તાય—અમો૦
શ્રી સુમતિ પ્રભુ સુમતિ દેજો, હું છું મતિ અજ્ઞાન,
રહેમ નજર કરો દીન જાણી, પામું પાર નિદાન—અમો૦

૮ રાગ—ઇસ્કા જાની જુદા ....

ચાલો ચાલો (૩) હળી મળી જાઇએ, પ્રભુ પદ્મને
ભાવે વધાવીએ—ટેક૦
કેશર ચંદન પુષ્પની માળા, પ્રેમે પ્રભુને ધરાવીએ—પ્રભુ૦
પુજા કરી નવ અંગે સુરંગી, ભક્તિ રસેથી ભીંજાવીએ—પ્રભુ૦
ચિંતામણિ ચિત્ત વસ્યા પ્રભુએ દર્શનનો ભાવ ભાવીએ—પ્રભુ૦
અર્જ સ્વિકારી, પ્રભુલો ઉધારી, જન્મ મરણ નિવારીએ—પ્રભુ૦
રંગે ઉમંગે મળી બાળ સંગે, પદ્મ પ્રભુ જશ ગાઇએ—પ્રભુ૦

૯ રાગ—દઇને છેહ ભ્રાતનું ગયો..........

શ્રી સુપાર્શ્વનાથની અદભુત આંગી ઓપતી,
નવિન નવિન રંગમાં શું રસિક મુરત શોભતી—ટેક૦
અધિક કૃપાવંત જીવજંત પ્રતિ રાજ છો,
આણીને ઉપાધિ અંત, જગત પુજ્ય શ્રી મહંત,
સ્વિકારો મુજ વિનતિ.......................શ્રી૦
મન વિનાનું ટાણું શું ? સુર વિનાનું ગાણું શું,

ગાઉં શું બજાવું શું, સુપાર્શ્વને મનાવું શું,
અલ્પ મતિ હું અતિ..................શ્રી૦
ભકિત હૃદયમાં ભરી, તું શકિત પ્રેરજે પુરી,
પુલ નહીંને પાંખડી, ભકિત માની લે ખરી,
તું રીઝી તારજે પતિ..................શ્રી૦

૧૦ રાગ—સુખી રહો સુખી રહો પ્યારે........

જય જયકર જીન દેવા.

ચંદ્ર પ્રભુ તુજ મૂરત મનહર, ચાહું પુનિત પદ સેવા—ટેક૦
વિકટ વાટ સંસાર તણીઆ, ભટકું ભૂલી દેવા
કોણ બતાવે મારગ સુધો; જાઉં શરણ શીદ લેવા—જય૦
કુડ કપટમાં રાચી રહીને, કર્મ કર્યાં કાંઇ કેવા,
ગણતાં ગણતાં પાર ન આવે, રહ્યા રખડતા તેવા—જય૦
સાચું શરણુ જીનરાજ તમારૂં જાણે મીઠા મેવા,
દર્શન કરતાં પાપ પળાયે, બાંહ્ય ગૃહો જગદેવા—જય૦

૧૧ રાગ—અનંગ રંગને ઇચ્છે....

જગ રંગ ઢંગજો ન્યારા—ટેક૦
સઊ ખોટેખોટાં ખેલ; મમત મુઢ મેલ—ઢંગ૦
ધન વૈભવ, મૃગજળના જેવાં, જોબન સંધ્યા રંગ;
હાલે મા'લે મૂરખ મદમાં, ખોટાં શોક ઉમંગ—ઢંગ૦
જુઠી માયા, જુઠી કાયા. જુઠા જગના છંદ;
પાપ પુણ્ય એ સાથે રહેશે; નહીં અવર કો
સંગ—ઢંગ૦

ચેત ચેતરે પામર પ્રાણી, કર સુવિધિ સત્સંગ—ઢંગ૦
ચાર ગતિ સ્હેજે નીવારી; દોરે શિવપુર પંથ—ઢંગ૦

૧૨ રાગ—હસી આવે સામી મોહીની...........

તારો અવસર એળે જાયરે, હિણુ ભાગી માંનવી.
આખર પસ્તાવું થાયરે, ચિતમાં જો ચાળવી.
પ્રભુ શિતળ જીન સુખકાર, ધરીપ્યાર, ઉરધાર,
ભાવથી તું—તારો૦
જીવતર ક્ષણ ભંગુર જાણી, ઝાકળ બિંદુ પરમાણી.
જ્યમ ચાર ઘડીનું ચાંદરણું, લે માની, સાધ્યું રહે સંગાથી,
નહીંરે અવર કો સાથી—.....પ્રભુ૦.. .... તારો૦
ચેતચતુર ચિતમાં પ્રાણી, જીનવર નામથી લે લ્હાણી.
ભવસાગર સેંજે પાર ઉતારે તારી, સાધ્યું રહે સંગાથી,
નહીંરે અવર કો સાથી—......પ્રભુ૦.........તારો૦

૧૩ રાગ—ખંતેથી નમી તુને...........

શીશ નામીને તુને શ્રેયાંસ નમીએ

ભવડર, પરહર, સુખકર, દુખહર, સ્હાય, સ્હાય, થાય, થાય,
અકળ તમારી ગતિ, કળી શકીએ ન રતિ,
નિવારીને ચાર ગતિ; તારો શ્રી શ્રેયાંસ પતિ
મંદ છે અમારી મતિ, ભારી છે તમારી કૃતિ,
જુવો સેવકોની પ્રતિ, પુર કૃપા દૃષ્ટિ વતી,
કાપી, પાપો, ને સંતાપો, અમને મુક્તિ દાન આપો
ધર્મ શુદ્ધ સરવે સ્થાપો, જપું તમ નામ જાપો,
સ્હાય, સ્હાય, થાય, થાય...............

૧૪ રાગ—ધરોમાથે મુગટ..................

ધન્ય આજે (૨) હો શોભા અજબ બની,
વાસુ પુજ્ય તણી—ટેક•

શિર૫ર મણિં મય મુકુટજ છાજે, મુકતા તણી માળ
કંઠ બીરાજે,
કાન્તિ પુનમના ચંદ્ર તણી, વાસુ પુજય તણી—ધન્ય૦
આભ વિષે શોભે જયમ તારા, તેમજ દીપ તણા ચમકારા
કુસુમ સુગંધ વહેજ ઘણી, શોભા અજબ બની—ધન્ય•
અનુપમ રચનાથી મન લોભે, દર્શન કરવાને ચિત્ત થોભે,
હૃદય રહો શ્રી જગત ધણી, શોભા અજબ બની—ધન્ય૦

૧૫ રાગ—આવો સખી આવો માને૦........

નજર કરીલે પ્રાણી નજર કરીલે. ભવને તરી લે પ્રાણી—ટેક,
અસાર આ સંસારની અંદર, સાર ધરી લે પ્રાણી-નજર૦
જુઠી છે માયા, જુઠી છે કાયા. પ્રભુ ને સ્મરી લે પ્રાણી-નજર૦
સ્નેહી સહોદર સાથ ન આવે, ચિત્ત ધરી લે પ્રાણી-નજર૦
વિત્તરાગ શ્રી વિમળ પ્રભુથી, સ્નેહ જડી લે પ્રાણી-નજર•
ગત અવસર ફરી ફરી નવ પામે, ભક્તિ ભરી લે પ્રાણી
[—નજર૦

૧૬ રાગ—મોરા સાંવરીયા જાનેનદઉં...

હો આજ આંગી સુરંગી બની, નવરંગી બની—ટેક.
મૂરતિ હૃદય વસી, પરવા હવે ન કશી,
સ્હેજે મળ્યા શ્રી ચિંતામણિરે—હો૦

જીંદગી સફળ થઇ, પ્રભુ દરિશન લઇ
કલ્પ તણા ફળ લઉં લણીરે—હો
શ્રી અનંત નાથ તારો, આશરો મને તમારો
અંતરમાં રઢ મને ઘણીરે.....હો૦

૧૭ રાગ—આલીરી નિહાળો આ...

અહો આજ આંગી, બની નવરંગી
નવરંગી, સુરંગી બની રસરંગી—ટેક૦
ઘડી આજે ઘણી રઢીયાળી, જોઈ જોઈ મુરત પ્રભુની રૂપાળી
મનહર એ, જયકરએ, પ્રેમની ખુમારી મને લાગી—બની૦
રહ્યાં વાજીંત્રના સુર ગાજી, લ્હેર મને ધર્મ જીનેશથી
[લાગી,
મનહર એ, જયકરએ, ભક્તિ હૃદય મહીં જાગી—બની૦

૧૮

નવરંગી બની આંગી શાન્તિ તણી, શ્રી શાન્તિ તણી-ટેક૦
નવરંગી, સુરંગી, શુરંગી બની--નવ૦
આસપાસ ફુલ વાસને, દીપક ઝાકઝમાળ,
અર્ધ્યાં ઉત્તમ પાત્રમાં, શુભ નૈવેદ અપાર-નવ૦
શોભા શ્રી અરિહંતનીં, એ અદભૂત અપાર,
સ્વર્ગ થકી સુર વર્ગ તે, નિરખી હરખે સાર-નવ૦
ભક્તિથી નર નારીઓ કરે દર્શ દેદાર,
મન મુકી, તન વહી જતાં, શ્રી પ્રભુને દરબાર-નવ૦
વિશાળ ભવસાગર મહીં, પ્રભુ સ્મરણ રૂપ નાવ,
પામે જે નર વિરલા, સાધી લેતે દાવ-નવ૦

૧૯ અહાહુાહા, શોભા વખાણી ન જાય--હો૦
મનહર મૂરતિ શ્રી જીનવરની, જોઇ જોઇ શોભા
હૃદય હરખાય—અહુા૦
આભૂષણુ શોભે સર્વાંગે, સુમન સુગંધી અહીં
તહીં વાય—અહુા૦
દર્શન કરવા, ભક્તિ ભરવા, ભવિ જન જુથે મળી
મલકાય—અહુા૦
અનુપમ રચના અજબ રચીઆ, સુરનર જોઇ
પ્રફુલ્લિત થાય—અહા૦
મ્હેર કરો શ્રી કુંથુજીનેશ્વર, શિવ સુખ આપો
ભવિજન ચાહ્ય—અહુા૦

૨૦ રાગ--કનઇયા નંદકે લાલે....................

પ્રભુ અરનાથ હું આવ્યો, દિયો સુબોધ મન ભાવ્યો-ટેક૦
કર્યાં કર્મો બહુ ભૂરા, કર્યાં વૃ-તો તણા ચૂરા,
દગે ફુટકે નહીં ફાવ્યો.................. દિયો૦
સકળ સંસાર વિષવેલી, રહી માયા બધે ફેલી,
ગૃહીને બાંહ્ય ઉગારો....:................દિયો૦
દિયો દર્શન ગણી બાળો, કૃપા દૃષ્ટિ કરી ભાળો,
ભમંતા પાર ના આવ્યો.............. દિયો૦
વિકટ છે વાટ આ ધાડી, ભુલે અજ્ઞાન નર બારી,
પ્રભુ આધાર તુજ સાહેદા................ દિયો૦

૨૧ રાગ—બીબીજાન સુનીએ જરી...........

મલ્લિજીન સુરત તારી, લાગે છે પ્યારી, ને સુખકારી હાં-ટેક૦

જગત પ્રતિપાળ છોજી એક જીનરાજ,

સેવા તમારી, ચિત્તમાં ધારી, ગાઉં ગુણો મહારાજ-મલ્લિ૦

રાય રંક ઇંદ્ર ચંદ્ર સૌ ગણો સમાન,

પતિત પાવન કરતા સ્વામી ગુણના નિધાન-મલ્લિ૦

ભાવ ધરી ભવિજન ઉમંગે આવે પ્રભુ દરબાર

દર્શન જોતાં, પાતક ખોતાં, સફળ ગણે અવતાર-મલ્લિ૦

આજ અમે સૌ બાળક સંગે, માગીએ એજ કૃપાળ

ભવ ભવ નિર્મળ ભકિત ભરો મન, વરતે જય જયકાર-મલ્લિ૦

૨૨ રાગ—થયાં છોરે પતિ૦...............

જાગી જો જંજાળી જીવડા, જુઠી જગત બાજી,
મારૂં મારૂં મૂઢ કરતો ફરે છે માયા મહીં રાચી;
નથી કાંઇ, સુખદાઇ, જગમાંહી, ફોકટ ફાંફાં
મારે મુરખડા મૃગજળને બાઝી— જાગી૦
માત તાત સુત બાંધવ વંનિતા, સૌ સ્વારથ સાથી;
નથી કાંઈ, સુખદાઈ, જગમાંહી, અંત સમે
સૌ અળગા રહેશે કો ન શકે રાખી;— જાગી૦
શ્રી મુની સુવૃત જીનવર સેવા. માનીલે સાચી;
નથી કાંઇ, સુખદાઈ, જગમાંહી, સફળ કરી લે
માનવ ભવ આ તન મનથી સાચી— જાગી૦

૨૩ રાગ—પ્યારા પિતા પ્રિત વિસારો કાં......

નમીજીન અર્જ સ્વિકારો આ, દયા દિલ ધારોને જરા—ટેક૦
ફસયો ફંદમાંહી જુઠા જગછંદ માંહી,
સુણે કોણ દુઃખ પોકાર ત્યાં..................—દયા૦
નહીં આધાર કોઇ વિના વિત્તરાગ જોઇ,
વહ્યો પ્રભુ આપ પ્યારમાં..................—દયા૦
કૃપાનિધાન કહાવો શિવપુર રાહ બતાવો,
માગે સહુ બાળ સાથ આ..................—દયા૦

૨૪ રાગ—મૂરખડા મૃગલા......

ભજીલે ભાવે, નેમ છબી રઢીઆળી
મન શીદ ન લાવે, એ પ્રભુ અંતર જામી—ટેક૦
સમજ સમજ મન માનવી અવસર એળે જાય.
કાળ ચક્ર ફરતું ફરે, ઘડી પલકે સપડાયરે—ભજી૦
વિષધર ડંસે અંગને, અગ્નિ બાળે કાય,
એથી અધિકત્રિતાપની, પીડા છે દુઃખ દાયરે—ભજી૦
શિતળ છાંયા કલ્પની, શિતળ ચંદન છાંય,
એથી અધિક શિતળ દિસે, શ્રી જીનવરની છાંયરે-ભજી૦
જોડી લે તું પ્રિતડી, છોડી જગ જંજાળ,
તોડી ને ભવ બંધનો, જોવો શિવપુર બાળરે—ભજી૦

૨૫ રાગ—રાજકુમાર આભાર તમારો...

પારસનાથ આધાર તમારો, વસી રહ્યો છે આ ઘટમાં—ટેક૦
અશ્વસેન કુળ દિપક કહાવો,
નાથ એક છો ત્રિભુવનમાં...............—પારસ૦
ચોસઠ સુરવર ચમર ઝુલાવે,
સુર નરવર રહે તુજ પદમાં ....—પારસ૦
કીર્ત્તિ દેશ વિદેશ ગવાયે,
મોહી રહ્યા તુજ મૂરતમાં...............—પારસ૦
બાળક સરવે તમ ગુણ ગાવે,
જ્યમ બિંદુ મહાસાગરમાં...............—પારસ૦

૨૬ રાગ—રાજ સુણો દુખ કહાણીરે ....

મહાવીર પ્રભુ દીન જાણીરે, શરણે લો પામર પ્રાણી ટેક૦
અવર નહી કોનો આધાર, બાંહ્ય ગ્રહી ઉતારો પાર,
ભવ ભવ ભટકી ભટકી થાકયો તારો દયા દિલ આણી—મહા૦
માયા મમતા જગ જંજાળ, બંધ નિવારી દીન દયાળ,
શિવપુર ભાળ બતાવો સ્વામી શ્રવણ કરી દીન વાણી-મહા૦

૨૭ રાગ—અદ્દભૂત રચના શી૦

સુંદર મનહર શી, શોભા, આહા, મન લલચાય.
પ્રબળ સકળ જગમાં, મહિમા તુજ ત્રિભુવનમાં,
દીન જનના પ્રભુ છો આધાર, નમીએ તમને વારંવાર—સુંદર૦
ગુણિજન; મુનિજન મંદ્ર સમાન,

સ્તવતાંપાર ન પામે નિદાન......................—સુંદર
પૂનિત ચરિત્ર તમારૂં અપાર, શર્ણાંગતના પાલનહાર—સુંદર૦
શિવ સુખના પ્રભુ છો દાતાર,
માગે સાહ્ય મળી સહુ બાળ..................—સુંદર૦

૨૮ રાગ -નેમવા'લે, પ્રાણ પ્યારે......

મન લાગ્યું, મારૂ લાગ્યું, પ્રભુ તારા ધ્યાનમાં
પ્રભુ તારા ધ્યાનમા એક તારા તાનમાં.......... ટેક૦
ખાન ન સુઝે, પાન ન સુઝે, તારા ધ્યાનમાં,
માન અને સન્માન ન સુઝે તારા તાનમાં—મન૦
તું પ્રભુ ત્રાતા, છે સુખ દાતા, તારી નામના
સુરવર નરવર મુનિજન ગુણિજન, તારા ગ્નાનમાં—મન૦
સ્તવન પૂજન તમ કરીએ સ્વામી, પુરો કામના,
શિવ સુખ આપો ભવ દુઃખ કાપો, રહીએ ધ્યાનમાં—મન૦

૨૯ રાગ—મને સાહ્ય કરશે મોરારીરે..........

પ્રભુ શાન્તિ જીનેશ્વર તારોરે, મને આશરો એક તમારો
નથી કંઇ આરો પ્રભુજી ઊગારો,
શર્ણે આવ્યો હું દાસ તમારો.................—ટેક૦
ભવભવ ફેરા ફરી ફરી થાકયો, નવ પામ્યો હું શાન્તિ ઓવારો;
મ્હેર કીજે, દર્શ દીજે, પ્રભુ પ્રિતે બાંહ્ય ઝાલો—પ્રભુ૦

૩૦ રાગ—ધીમા ધીમા ચાલો મારા પ્રાણુરે......

વા'વા કેવા શોભે જીનરા....................જરે

પ્રભુ મુરત જોવા મન મારૂં લોભે, ચિત્ત મારૂં થોભ

મ્હારા ...જરે.................................ટેક૦

પ્રભુ દર્શન સુખ સંપદા, પ્રભુ દર્શન નવનીધ,

પ્રભુ દર્શનથી પામિયે, સકળ પદારથ સિદ્ધ;

સાર સંસારમાં દર્શ તારૂં દીસે,

અમો બાળ રહ્યા સઉ તારે વશે,

પ્રભુ મ્હેર કરો ભવ ફેરો જશે,

મ્હારા......જરે................................વાવા૦

૩૧ રાગ— હિંદુ ધર્મ આપલા શ્રેષ્ઠ........

મૂરખ મમતા આ મેલતું મૂરખ મમતા આ ટેક૦

ચાર ઘડીનું ચાંદરણું આ, મોહે શું મદમાં,

મોહે શું મદમાં, નથી કાંઇ સાર અરે જગમાં—મૂરખ૦

ધન વૈભવ અહીંના અહીં રહેશે, નહીં આખર ખપના,

નહીં આખર ખપના ચેત જંજાળી જીવડા આ—મૂરખ૦

ગત અવસર ફરી ફરી નેવ પામે કાળ ઝડપશે જ્યાં,

કાળ ઝડપશે જ્યાં, મનની મનમાં રહેશે ત્યાં—મૂરખ૦

રતન જતન કરી રાખ હૃદયમાં, જૈન ધર્મ શુભ આ,

જૈન ધર્મ શુભ આ, દોહ્યલો નરભવ પામી આ—મૂરખ૦

સાચ શરણ જીનવરની સેવા, પાપ તાપ હરવા,

પાપ તાપ હરવા, ગ્રહણ કર ભવસાગર તરવા—મૂરખ૦

સમાપ્ત.